અપીલ અરજી નં.૧૮૫ તા.૧૬–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વસંત હરદેવરામ વ્યાસ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વસંત હરદેવરામ વ્યાસની તા.૧૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ગોપીપુરા મોટી છીપવાડ વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૮ નોંધ નં. ૨૦૩૬/ક વાળી મિલ્કત જે ધનસુખભાઈ ડાહયાભાઈ જરીવાળાના નામે આવેલ છે. જે મિલ્કતના બાંધકામ માટે અપાયેલી રજાચિઠ્ઠી તથા મંજુર થયેલ પ્લાનની પ્રમાણિત નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૮૫/૨૦૧૧–૧૨

શ્રી વસંત હરદેવરામ વ્યાસની તા.૧૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ગોપીપુરા મોટી છીપવાડ વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૮ નોંધ નં. ૨૦૩૬/ક વાળી મિલ્કત જે ધનસુખભાઈ ડાહયાભાઈ જરીવાળાના નામે આવેલ છે. જે મિલ્કતના બાંધકામ માટે અપાયેલી રજાચિઠ્ઠી તથા મંજુર થયેલ પ્લાનની પ્રમાણિત નકલ આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સે.ઝોન./ આરટીઆઈ/ આ. નં./ ૪૧૪ તા. ૨૦/૬/૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૮ તા.૩૦–૭–૧૧ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેઓ આરટીઆઈ હેઠળ અપીલ કરવા ઈચ્છે છે કે ખાતાકીય મળેલ પ્રત્યુત્તર સામે કાર્યવાહી કરાવવા તેની સ્પષ્ટતા કરવા તથા તેમણે મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત તથા માહિતી બાબતે નારાજગીની વિગત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૬૦ તા. ૮–૮–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતીના પ્રત્યુત્તરની પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૪૧૪ તા.૨૦–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૦–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૧૪ તા.૨૦–૬–૧૧ થી " ઉપલબ્ધ રેકર્ડ જોતાં વોર્ડ નં.૮ નોંધ નં.૨૦૩૬/ક ના મંજુર પ્લાનની વિગતો ઉપલબ્ધ રેકર્ડ પર નથી" તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે નારાજ થઈ તા.૧૬–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મળેલા પ્રત્યુત્તરમાં અમારી ફરીયાદનું સ્પષ્ટ સમાધાન થતું નથી. પરંતુ સદર મિલ્કત માલીકે ગેરકાયદેસર ચણતર રજા અને મંજુરીની અવગણના કરી મિલ્કતને નુકશાન પહોંચાડયુ છે જે અંગેની ફરીયાદ સુરત મહાનગરપીલકાને કરવામા આવેલ. જે ફરીયાદનું નિરાકરણ કરવાની કાયદેસરની સત્તા શ્રી સી.બી. શાહ ધરાવે છે કે નહીં આ મીલીયન ડોલર પ્રશ્નનું સમાધાન સત્તા હેઠળ હોય તો એવો કયા અને અજાણ સંજોગોમાં અટકી બેઠેલા છે જેનો ન્યાય મેળવવા આતુરતાપૂર્વક રાહ જઈ રહયા છીએ. ફરીયાદના નિકાલ અંગે કાયદા પ્રમાણે મહિના અને વર્ષો નીકળી શકે છે . ફરીયાદનું નિરાકરણ કમિ.શ્રી પાસે ન્યાય મેળવવાની આશા રાખીએ છીએ. આમ અરજદારની રજૂઆત તકરાર નિવારણને લગતી બાબત જણાય છે. જે અંગે અત્રેથી અરજદારને આરટીઆઈ સેલ/૫૬૮ તા.૩૦–૭–૧૧ થી અપીલ અરજીમાં તેઓ આરટીઆઈ હેઠળ અપીલ કરવા ઈચ્છે છે કે ખાતાકીય મળેલ પ્રત્યુત્તર સામે કાર્યવાહી કરાવવા તેની સ્પષ્ટતા કરવા તેમજ અરજી તથા ફી ની વિગત અને માહિતી બાબતે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે અપીલ તબકકે તક આપવા છતાં અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. વધુમાં અરજદારે અપીલ અરજીમાં શ્રી સી.બી. શાહ ફરીયાદના નિરાકરણ કરવાની કાયદેસરની કાર્યવાહી કરવાની સત્તા ધરાવે છે કે નહીં તેવો પ્રશ્ન મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે કરવામાં આવે છે. જયારે કોર્ટમાં લાગતા સમય અને કમિ. પાસે ન્યાય મેળવવાની આશા તેવા વિધાન વાકયો કરેલા છે તથા ગેરકાયદેસર ચણતર અને મંજુરીની અવગણનાથી મિલ્કતને નુકશાન પહોંચાડવા અંગેની રજૂઆત તે ફરીયાદ નિવારણને લગતો તકરારી પ્રશ્ન છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવામાં આવેલ છે. જેમાં ઉપલબ્ધ રેકર્ડ ઉપર માહિતી નહીં હોવાનું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો માંગ્યા મુજબના લાગત નોંધણી રજીસ્ટરનું દફતરી ઈન્સ્પેકશન કરી જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. જે અંગે જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી લાગુ કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદારની માંગણી થયે હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. અરજદારે અપીલ તબકકે ફરીયાદના નિરાકરણની કાયદેસરની સત્તા ધરાવે છે કે નહીં તેવા અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે આરટીઆઈ કાયદાના નિયમ અને જોગવાઈ અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે. અરજદારે ફરીયાદ અને તકરાર નિવારણ બાબતે અપીલમાં કરેલી રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વસંત હરદેવરામ વ્યાસ